# N.S.S. ACTIVITIES ( YEAR-2021-22 )

## વૃક્ષારોપણ કાર્યક્રમ

આર્ટ્સ કોલેજ ફતેપુરામાં તારીખ ૦૩/૦૭/૨૦૨૧ના રોજ પ્રો.પી.ડી.પરમારની અધ્યક્ષતામાં એન.એસ.એસ.અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીના લીધે વિદ્યાર્થીઓ હાજર ન હોવાથી કોલેજના સ્ટાફ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.





ગોધરા-દાહોદ ભાસ્કર 04-07-2021

### ફતેપુરા કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ફતેપુરા આર્ટસ કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# પેઈન્ટીંગ વર્કશોપ

## તા.૨૮-૨૯/૧૦/૨૦૨૧

આર્ટ્સ કોલેજ ફતેપુરામાં એન.એસ.એસ. અંતર્ગત તારીખ ૨૮/૧૦/૨૦૨૧થી ૨૯/૧૦/૨૦૨૧ સુધી બે દિવસીય વરલી પેઈન્ટીંગના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ પ્લાન્ટર પર વરલી પેઈન્ટીંગ કરતા શીખ્યા. પેઈન્ટીંગમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.







# વેક્સિનેશન કેમ્પ

## 11/10/2021

આર્ટ્સ કોલેજ ફતેપુરામાં તા.11/10/2021ના રોજ એન.એસ.એસ. વિભાગ દ્વારા કોવેડ વેક્સિનેશન કેમ્પ આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ડુંગર પી.એચ.સી. સેન્ટરના સ્ટાફ દ્વારા કોલેજના 68 વિદ્યાર્થીઓને તેમજ ગામજનોનેકોરોના વેક્સિન  આપવામાં આવી હતી.










ફતેપુરા આર્ટસ કોલેજમાં NSS વિભાગ દ્વારા કોવિડ વેક્સિનેશન કેમ્પ યોજવામા આવ્યો

ફતેપુરા આર્ટ્સ કોલેજમાં NSS વિભાગ દ્વારા કોવિડ વેક્સિનેશન કેમ્પ યોજવામા આવ્યો હતો. જેમાં ડુંગર પી.એચ.સી.ના સ્ટાફ દ્વારા કોલેજના 68 વિદ્યાર્થીને કોરોનાની વેક્સિન મુકવામાં આવી હતી. કોરોના વેકસિનેશન કરાવતા કોલેજના વિદ્યાર્થીઓ નજરે પડે છે. • રીતેશ પટેલ

# યુવા દિવસની ઉજવણી

તારીખ-12/01/22 ના રોજ આર્ટ્સ કોલેજ ફતેપુરા N.S.S. અને સ્પોર્ટ્સ વિભાગના સંયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી. આ નિમિતે કોલેજમાં ભારતની પ્રાચીન રમતોના રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં ગોળાફેંક,રસ્સાખેંચ અને આ વિસ્તારની પરંપરાગત તીરંદાજીની રમતનું આયોજન કરવામાં આવ્યું. સંપુર્ણ કાર્યક્રમનું આયોજન N.S.S. ના કો-ઓર્ડીનેટર ડૉ.દેશળરાજબા રાઠોડ અને સ્પોર્ટ્સ વિભાગના અધ્યક્ષ ડૉ. વાય.જે.ચૌહાણે કર્યું હતું વિવિધ રમતોનું માર્ગદર્શન ડૉ. વાય.જે.ચૌહાણ દ્વારા આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માં કોલેજના આચાર્યશ્રીએ હાજર રહીને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.જુદી જુદી રમતોના નિર્ણાયક તરીકે પ્રો.મિલનભાઈ વ્યાસ, ડૉ.મનહરભાઈ ચરપોટ અને ડૉ.મિતલબેન ચૌહાણ, કટારા ધર્મેન્દ્રભાઈ રહ્યા હતા. બધી જ પ્રવૃત્તિઓમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો.







વૃક્ષ દત્તક કાર્યક્રમ

તા.26-27/10/22

આર્ટ્સ કોલેજ ફતેપુરા માં એન.એસ.એસ. દ્વારા તા. 26/10/22 વૃક્ષ દત્તક આપવા નો કાર્યક્રમ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત 26/10/22 દિવસે વિદ્યાર્થીઓ ને વૃક્ષ દત્તક અપાયા અને બીજા દિવસે વિદ્યાર્થીએ તેના ફરતે શ્રમ કાર્ય કરીને સફાઈ કરી.





